Cancer Society
Te Kāhui Matepukupuku o Aotearoa

કૅન્સર વિશે સમજવું
UNDERSTANDING CANCER

Gujarati

# તમે કદાચ પૂછવા ઈચ્છો તેવા પ્રશ્નો
# Questions you may wish to ask




કૅન્સરના દરદીઓ માટે માર્ગદર્શિકા
A guide for people with cancer



# પ્રસ્તાવના

કૅન્સર શરીરના કોષોનો રોગ છે. આપણું શરીર ઘસાયેલા કોષોને હટાવવા માટે અથવા ઈજાને કારણે કોઈ કોષને નુકસાન થતા તેને મટાડવા પણ સતત નવા કોષ બનાવ્યા કરે છે. આ પ્રક્રિયા અમુક જીનથી નિયંત્રીત થાય છ: એવા સંકેતથી, જે આપણા કોષને કેમ સાજા થવું અને વર્તવું તે કહે છે. આ જીનોને નુકસાન થવાથી કૅન્સર થાય છે. સામાન્ય રીતે આવું નુકસાન આપણા જીવનકાળ દરમિયાન રહે છે, છતાં જૂજ લોકોને એમના જન્મ વખતે જ માતા અથવા પિતામાંથી આવા નુકસાન પામેલા જીન વારસામાં મળે છે. જો જીનોને નુકસાન થાય તો તેઓ અસામાન્યપણે વર્તે છે. તેઓના કારણે ગાંઠ બને છે, જે અનુકૂળ (કૅન્સર નહિ) અથવા જીવલેણ (કૅન્સર) હોઈ શકે છે.

અનુકૂળ ગાંઠ શરીરના બીજા ભાગમાં ફેલાતી નથી, જ્યારે કૅન્સર ફેલાવા માટે સક્ષમ હોય છે.



કૅન્સરની શરૂઆત


કૅન્સર ચેપી રોગ નથી. એ એક વ્યકિતમાંથી બીજીમાં પહોંચી ના શકે.

કૅન્સરની સારવારની ઘણી રીતો છે, જેમ કે, ઓપરેશન, કેમોથેરાપી અને રેડિએશન થેરાપી. તમારા માટે કયો ઉપચાર સારો તે અંગે તમારા ડૉકટર સાથે ચર્ચા કરો. ઘણાં કૅન્સરોમાં સારવાર સફળ રહે છે.

# Introduction

Cancer is a disease of the body's cells. Our bodies are always making new cells to replace worn-out cells, or to heal damaged cells after injury. This process is controlled by certain genes: the codes that tell our cells how to heal and behave. Cancers are caused by damage to these genes. This damage usually happens during our lifetime, although a small number of people inherit a damaged gene from a parent when they are born. If genes are damaged they can behave abnormally. They may grow into a tumour (lump) which may be benign (not cancer) or malignant (cancer).

Benign tumours do not spread to other areas of the body whereas cancer has the ability to spread.



The beginnings of cancer

Cancer is not catching. It cannot be passed from one person to another.


There are many ways of treating cancer such as surgery, chemotherapy and radiation treatment. Talk to your doctor about what is best for you. Many cancers can be successfully treated.

તમને કૅન્સર છે, એવું જાણો ત્યારે, તમે અને તમારા કુટુંબીજનો કદાચ સ્વાભાવિક રીતે ગભરાઈ જાઓ અને તમને કદાચ ઘણાં પ્રશ્નો પણ ઊઠે. તમારા પ્રશ્નોના જવાબ મળવાથી  તમને થાય કે સ્થિતિ તમારા કાબૂમાં છે. તમારા ડૉક્ટર સાથેની વાતચીતમાં તમને વધુમાં વધુ માહિતી મળે તે હેતુથી અહીં પ્રશ્નોની યાદી આપી છે.

When you hear you have cancer you and your family may feel understandably frightened and you may have many questions. Having your questions answered can help you feel in control of your situation. Here is a list of questions to help you make the most of your time with your doctor.

**1** મારા કૅન્સરનું નામ શું છે?
**What is the name of my cancer?**

**2** મારા શરીરમાં કૅન્સર કયાં છે?
**Where is it in my body?**



**3** કૅન્સર મારા શરીરને શી રીતે અસર કરે છે?
**How is the cancer affecting my body?**

**4** મારે કયા ટેસ્ટ કરાવવા જોઈએ?
**What tests do I need?**

**5** મને પરિણામની ખબર કયારે પડશે?
**When will I know the results?**

**6** ટેસ્ટ દ્વારા શું જાણી શકાશે?
**What will the tests tell us?**

**7** કયા ઉપચાર થઈ શકે છે?
**What treatments are available?**

**8** ઉપચારનું લક્ષ્ય શું છે?
**What is the aim of the treatment?**

9 એની સારી અસર થવાની સંભાવના શી છે?
**What is the probability of it working?**

10 શું કોઈ ચિકિત્સાલક્ષી અજમાયશ છે જેમાં હું જોડાઈ શકું?
**Is there a clinical trial I can join?**

11 શું મારે હૉસ્પિટલમાં રહીને ઉપચાર કરાવવો પડશે?
**Will I have to have treatment in hospital?**

12 ઉપચારની અસર થાય છે કે કેમ તે શી રીતે જાણી શકાશે?
**How do you check treatment is working?**

13 ઉપચારની અસર ન થાય તો આગળ શું કરવાનું છે?
**If treatment is not working what is the plan?**

**14** શું ઉપચારની આડ–અસરો છે?
**Are there any side-effects?**

**15** શું મારે ખાસ પ્રકારનો આહાર લેવાનો રહેશે?
**Should I follow a special diet?**

**16** શું ઉપચાર મારી પ્રજનનક્ષમતાને અસર કરશે?
**Will treatment affect my fertility?**

**17** શું હું કામ ચાલુ રાખી શકું?
**Can I work?**

**18** શું ઉપચાર મારા જાતીય જીવન પર અસર કરશે?
**Will the treatment affect my sex life?**

**19** શું હું કસરત કરી શકું?
**Can I exercise?**

**20** શું હું પ્રવાસ કરી શકું?
**Can I travel?**

**21** હું સહાય માટે કયાં જઈ શકું?
**Where can I go for support?**


**22** શું મારે કઈ ખર્ચ ચૂકવવો પડશે?
**Will I have to pay for anything?**

**23** મારું કૅન્સર કાબુમાં ન આવે તો શું થશે?
**What will happen if my cancer can not be controlled?**

**Cancer Society of New Zealand Inc. (2008)**
All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the publisher.

# કૅન્સર વિશે માહિતી અને સહાય માટે **0800 CANCER (226 237)** પર ફોન કરો અથવાજૂઓ: **www.cancernz.org.nz**

## For cancer information and support phone 0800 CANCER (226 237) or go to www.cancernz.org.nz



*These booklets are provided in the following languages:*

- Arabic
- Chinese Simplified
- Chinese Traditional
- Cook Island Maori
- English
- Gujarati
- Hindi
- Korean
- Maori
- Niuean
- Samoan
- Tongan


ન્યૂ ઝીલૅન્ડની કૅન્સર સોસાયટી (Cancer Society of New Zealand) દ્વારા જુલાઈ 2008માં આ પુસ્તિકા લખાઈ અને પ્રકાશિત કરાઈ.

ન્યૂ ઝીલૅન્ડની કૅન્સર સોસાયટી મુખપષ્ઠ પરના ફોટા માટે 'ઈમેજિસ બાય વૂલ્ફ'ના સાયમન વૂલ્ફનો આભાર માને છે.

**These booklets were written and published in July 2008 by the Cancer Society of New Zealand.**

**The Cancer Society of New Zealand acknowledges and thanks Simon Woolf from Images By Woolf for the cover photograph.**

PI 194